| | | | | |
|---|---|---|---|---|
| GJTP020024302025 | કેસ દાખલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૫ | | |
| | કેસ નોંધણી તારીખ | ૧૬/૦૭/૨૦૨૫ | | |
| | કેસ ફેંસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૦ | ૦૭ |

---

**મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એન્ડ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.વ્યારા.**

---

**ફોજદારી કેસ નં.૨૦૦૨/૨૦૨૫**

**આંક:-**

**ફરિયાદી:-** શ્રી સ ર કા ર

**વિરૂધ્ધ**

**આરોપી:-** રવિન્દ્રભાઈ નારણભાઈ રાઠોડ, ઉ.વ.૪૭,
રહે.વ્યારા, દાદરી ફળીયું,
તા.વ્યારા, જી.તાપી.

---

**ગુન્હો:- પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબ.**

---

**ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી એમ.બી.હડસ**

**આરોપી તરફે વિ.વકીલશ્રી પી.એ.ગામીત**

---

**//ચુકાદો//**

**(૧)** ફરીયદાપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૦૯ વાગ્યાના સુમારે મોજે વ્યારા જુના બસ સ્ટેશન પાસે જાહેરમાં વગર પાસ પરમીટે કોઇ કેફી પીણાના નશા હેઠળ જાહેરમાં લથડીયા ખાતો મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ હોય. ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબના સજાને પાત્ર ગુનાની કાર્યવાહી માટે હાલની ફરીયાદ આપેલ છે.

**(૨)** સદર કામે આરોપી વિરૂધ્ધ અ.પો.કો. શશીકાંત તાનાજીભાઇ પવાર નાઓએ ફરીયાદ નોંધાવતા વ્યારા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૮૨૪૦૦૧૨૫૧૦૫૩/૨૦૨૫ થી આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧) બી અન્વયેની ફરીયાદ નોંધવામાં આવેલ છે. તપાસ કરના અધિકારી ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(3)** આ કામે ચાર્જશીટ રજુ થતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, સદર ગુના અન્વયે આરોપી સામે આંક-૦૩ થી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

**(૪)** ફરીયાદપક્ષ ધ્વારા તેઓનો કેસ સાબીત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી શશીકાંતભાઇ તાનાજીભાઇ પવારની જુબાની |
| ૨ | ૦૭ | પંચ સાહેદ રમણભાઇ દેવજીભાઇ ભારતીની જુબાની |
| 3 | ૧૦ | ડો.રાજલબેન રતીલાલભાઇ ચૌધરીની જુબાની |
| ૪ | ૧૬ | ત.ક.અ. સોહનભાઇ મોહનભાઇની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદ |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૧૧ | પોલીસ યાદી |
| ૪ | ૧૨ | ફોર્મ-એ |
| ૫ | ૧૩ | ફોર્મ-બી |
| ૬ | ૧૪ | ફોર્મ-સી |

**(૫)** ઉપરોકત પુરાવા બાદ એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતા આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષની દલીલ સાંભળવામાં આવેલ છે.

**(૬)** ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

// **મુદ્દાઓ**//

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૦૯ વાગ્યાના સુમારે મોજે વ્યારા જુના બસ સ્ટેશન પાસે જાહેરમાં વગર પાસ પરમીટે કોઇ કેફી પીણાના નશા હેઠળ જાહેરમાં લથડીયા ખાતો મળી આવી પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ.**

// **કારણો**/

**(૮) મુદા નંબરઃ૧**

સદર કામે આંક-૦૪ થી ફરીયાદી શશીકાંતભાઈ તાનાજીભાઈ પવાર નાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨/૦૫/૨૦૨૫ના રોજ અમો તથા અ.હે.કો.સોહનભાઈ મોહનભાઈ બ.નં-૩૯૭ નાઓ સાથે વ્યારા ટાઉન જુના બસ સ્ટેશન ખાતે હાજર હતા, તે દરમ્યાન મોજે વ્યારા જૂના બસ સ્ટેન્ડ પાસે એક ઇસમ જાહેરમાં કોઈ કેફી પીણાનો નશો કરેલ હાલતમાં મળી આવેલો જેથી બે પંચોના માણસો બોલાવી સદર ઈસમને પંચો રૂબરૂ તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ તોતડાતી જીભે અટકતા અટકતા રવિન્દ્રભાઈ નારણભાઈ રાઠોડ ઉ.વ.૪૭ રહે. વ્યારા દાદરી ફળીયુ તા.વ્યારા જી. તાપી નો હોવાનું જણાવતો હોય તેનુ અમોએ તથા સાથેના પંચોથી મોઢુ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેના મોંઢામાંથી કેફી પીણું પીધેલ હોવાની પુષ્કળ વાસ આવતી હોય અને તેની આંખો જોતા કેફી પીણાના નશાનાં કારણે લાલ-ધુમ દેખાય છે. તેને પંચો રૂબરૂ ચલાવી જોતા તે આમ તેમ લથડીયા ખાતો હોય પોતાના શરીરનુ સમતુલન જાળવી શકતો નથી જેથી તેને કેફી પીણું પીવા બદલ પાસ-પરમિટ માંગતા તે પોતાની પાસે નહી હોવાનું જણાવતા પંચો રુબરુ તેની શરીર સ્થિતીનું પંચનામું કરી મેડીકલ ચકાસણી અર્થે જનરલ હોસ્પીટલ વ્યારા ખાતે મોકલી આપેલ જે અંગે રવિન્દ્રભાઈ નારણભાઈ રાઠોડ ઉ.વ.૪૭ રહે. વ્યારા દાદરી ફળીયુ તા. વ્યારા જી. તાપી મો.નં-૯૭૧૨૯૭૬૦૮૮ નાઓ વિરૂધ્ધ વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી લથડીયા ખાતો પકડાઈ ગયેલ હોઈ તેના પ્રોહી એક્ટ કલમ-૬૬(૧) બી મુજબ કાયદેસર થવા ફરિયાદ આપેલ મને અસલ ફરીયાદ બતાવવામા આવતા જે જોઈને કહુ છુ કે જેમા મારી અસલ સહી છે જે હું ઓળખી બતાવુ છુ **જે રજુ દાખલ આંક ૦૫ આપવામાં આવે છે** આરોપીને હુ ઓળખુ છુ આજરોજ હાજર છે તે જ છે.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે અને ત્યા લોકોની તથા વાહનોની અવર જવર હોય છે એ વાત ખરી છે કે કેટલા વાગેથી અને કેટલા વાગ્યા સુધી હુ જુના બસસ્ટેન્ડ ખાતે હાજર હતો તે મારી ફરીયાદમા જણાવેલ નથી એ વાત ખરી છે કે આરોપીને બ્રેથ એનાલાઈઝર મશીન વડે તપાસ કરી નથી એ વાત ખરી છે કે પંચોના નામ જણાવેલ નથી એ વાત ખરી છે કે કોઈ વ્યક્તિ આખો દિવસ તડકામા રખડે તો એની આંખો લાલ થઈ શકે છે એ વાત ખરી છે કે હુ આરોપી પાસે પહોચેલ ત્યારે આરોપી કોઈ પણ ટેકા વગર સ્થિર ઉભો હતો એ વાત ખરી નથી કે અમોએ પુછેલ તમામ પ્રશ્નોના જવાબ સમજી શકાય તે રીતે આપતો હતો એ વાત ખરી છે કે કોઈ વ્યક્તિની જીભ ટુકી હોય તો તે તોતળાતી ભાષામા વાત કરે છે એ વાત ખરી છે કે આરોપીને હું બનાવ પહેલા ઓળખતો ન હતો એ વાત ખરી છે કે આ કામે કોઈ સીસીટીવી ફુટેજ રજુ કરેલ નથી એ વાત ખરી છે કે અમોએ આરોપીનાનામ અને સરનામાની ખરાઈ કરવા કોઈ દસ્તાવેજ મેળવેલ નથી એ વાત ખરી નથી કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા તેની વિરૂધ્ધમા ખોટી ફરીયાદ આપેલ છે.

**(૯)** સદર કામે આંક-૦૭ થી પંચ સાહેદ રમણભાઈ દેવજીભાઈ ભારતી નાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,પોલીસે તેમને વ્યારા પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરાવેલી. પંચનામાની વિગત તેઓને ખબર નથી. તેમને પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જેને રજૂ દાખલ **આંક-૦૮** આપવામાં આવે છે.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ સરનામુ પુછેલ. એ વાત ખરી છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી.

**(૧૦)** સદર કામે આંક-૧૦ થી ડો.રાજલબેન રતિલાલભાઈ ચૌધરીનાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,

તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ જનરલ હોસ્પિટલ, વ્યારા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે બપોરના ૦૧.૩૦ કલાકે એ.હે.કો. સોહનભાઇ મોહનભાઇ બ.નં.૩૯૭ વ્યારા પોલીસ સ્ટેશન આરોપી નામે રવીન્દ્રભાઇ નારણભાઇ રાઠોડ ઉંમર.૪૭ રહે.દાદરી ફળીયુ, વ્યારા, તા.વ્યારા, જી.તાપી નાઓને પોલીસ યાદી સાથે આલ્કોહોલની ચકાસણી માટે આવેલા.મને પોલીસ યાદી બતાવવામા આવે છે જેમા અ.હે.કો.એસ.એમ.ગામીત સહી છે જે રજુ દાખલ **આંક-૧૧** જેની આમોએ શારીરિક તપાસ કરતા નીચેની બાબતો માલુમ પડેલ. તેમના સ્વાસમાં આલ્કોહોલની વાસ હતી તેમની ભાષા અસામાન્ય હતી, તેમની ચાલ લથડતી હતી, તેમની આંખની કીકી પહોળી હતી, જેના પરથી મારા અભિપ્રાય મુજબ આલ્કોહોલની અસર તળે હતા જેમનો ડાબા હાથના કોણીના ભાગે ડીસ્ટીલ વોટરથી સાફ કરી ૫ એમ.એલ સીરીજમાં ૫ એમ.એલ બ્લડ લઇ સોડીયમ ફલોરાઇડ બલ્બમાં લઇ તેને સીલ કરી ફોર્મ નં.એ માં નોંધ કરી રવીન્દ્રભાઇ નારણભાઇ રાઠોડ ના ડાબા હાથનો અંગુઠાનું નિશાન લીધેલ અને સદર સર્ટીફીકેટ પર મારી સહી તથા જનરલ હોસ્પિટલનો સીકકો કરેલ મને ફોર્મ એ બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા સીકકો છે જે ઓળખી બતાવુ છુ તેને રજુ દાખલ **આંક-૧૨** આપવામાં આવે છે. ત્યારબાદ ફોર્મ નં.બી ભરી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગાંધીનગર ખાતે જા.નં.૫૬૧/૨૦૨૫, તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ આર.પી.એ.ડી ધ્વારા મોકલી આપવામાં આવેલ છે જેમાં મારી સહી તથા સીકકો છે તે ઓળખી બતાવુ છુ તેને રજુ દાખલ **આંક-૧૩** આપવામાં આવે છે. ત્યારબાદ મને ફોર્મ સી બતાવવામાં આવે છે જે અમોએ તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ ફોરેન્સીક લેબોરેટરી ગાંધીનગર ખાતે મોકલાવેલ છે જે તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ પહોચેલ છે અને તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ સદર સેમ્પલની પુથ્થકરણ કરેલ છે જેમાં આલ્કોહોલની માત્રા ૦.૦૧૦૩૦ ગ્રામ પસન્ટેજ આવેલ છે જેમાં સદર ફોર્મમાં સાઇન્ટીફીક ઓફીસર જી.એ.પંચાલની સહી છે જેને રજુ દાખલ **આંક-૧૪** આપવામાં આવે છે.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેશન્ટને મારી પાસે યાદી લઇને આવેલ.

બનાવના દિવસે મેં કેટલા લોકોનું સેમ્પલ લીધેલ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે મારી સાથે ફરજ પર મદદ માટે સ્ટાફ નર્સ, પટાવાળા વગેરે કર્મચારીઓ હોય છે.એ વાત ખરી છે કે કામગીરી અનુરૂપ સ્ટાફને સુચનો કરીએ છીએ. એ વાત ખરી છે કે આરોપીને અમોએ સેમ્પલ લેતી વખતે પ્રથમ વખત જોયેલ અને નામઠામ પુછેલુ. એ વાત ખરી છે કે આરોપીએ તે સમયે પોતાનું નામઠામનો જવાબ સમજી શકાય તે રીતે જણાવેલ. એ વાત ખરી નથી કે આરોપીનું બ્લડ સેમ્પલ મારા સ્ટાફે લીધેલુ. સેમ્પલ લીધા બાદ સીસીને સીલ કરી પ્રથમ લોકરમાં મુકી, ત્યારબાદ બીજા દીવસે આર.પી.એ.ડી. દ્વારા મોકલવામાં આવે છે. એ વાત ખરી છે કે સદર આર.પી.એ.ડી. મે જાતે કરેલ નથી. એ વાત ખરી છે કે ધણા સેમ્પલ એકસાથે મોકલવાના હોય છે. એ વાત ખરી છે કે આરોપીના બ્લડ સેમ્પલ જુદી જુદી પ્રયોગશાળામાં મોકલેલ નથી. એ વાત ખરી નથી કે સદર સેમ્પ્લના રીપોર્ટમાં આવેલ આલ્કોહોલની માત્રા સામાન્ય છે. સાહેદ જાતે જણાવે છે કે તે લીમીટની ઉપરની છે.એ વાત ખરી નથી કે કોઇ વ્યકિત દવાઓ લેતો હોય તો તેનામાં આલ્કોહોલની માત્રા મળી આવે. એ વાત ખરી નથી તે ચીકુ, ભાત જેવા ખોરાક લીધેલ હોય તો તેનામાં આલ્કોહોલની માત્રા મળી આવે.એ વાત ખરી છે કે આરોપીએ આલ્કોહોલનો નસો કરેલ હતો તે સાબિત કરવા અમારી પાસે કોઇ પ્રમાણ હોતુ નથી. એ વાત ખરી છે કે જે તે સમયે આરોપીના શરીરમાં આલ્કોહોલની માત્રા કેટલી હતી તે પૃથક્કરણ વગર કહી શકાય નહી. એ વાત ખરી છે કે જો કોઇ વ્યકિતએ લાંબા સમય સુધી ડ્રાઇવિંગ કરેલ હોય,ઉંધમાંથી ઉઠેલ હોય, ઉજાગરા કરેલ હોય કે લાંબાગાળાની બિમારી હોય તો પણ ફોર્મ એમાં જણાવ્યા મુજબના લક્ષણો આવી શકે.એ વાત ખરી છે કે આરોપીને પોલીસ લઇને આવેલ તે સમયે તેઓની ઓળખ અંગેના કોઇ દસ્તાવેજો મેં માંગેલ નહી. એ વાત ખરી છે કે એફ. એસ. એલ. રીપોર્ટ મે તૈયાર કરેલ નથી. એ વાત ખરી છે કે એફ. એસ. એલ. રીપોર્ટ પરથી એ જણાવી શકાય નહી કે આ રીપોર્ટમાં જણાવેલ આલ્કોહોલની માત્રા દારૂ પીવાથી જ આવેલ છે.

**(૧૧)** સદર કામે આંક-૧૬ થી ત.ક.અ. સોહનભાઈ મોહનભાઈનાઓને તપાસેલ છે તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, હું ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ અમો વ્યારા પો.સ્ટે.મા હે.કો. તરીકે ફરજ પર હતા દરમ્યાન વ્યારા પો.સ્ટે.ના પોસ્ટે અમલદાર નીકીતાબેન મહેરભાઈનાઓએ વ્યારા પો.સ્ટે.ગુ.નં. ૧૦૫૩/૨૦૨૫ પ્રોહિ. કલમ-૬૬(૧) (બી), મુજબનો ગુનો રજીસ્ટર કરી તપાસ મને સોંપતા સંભાળી લીધેલ જેમા ફરીયાદી પો.કો. શશીકાંતભાઈ તાનાજીભાઈનાઓની ફરીયાદ આપેલ અને અમોએ પંચો રૂબરૂ પંચનામુ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવી આ કામના આરોપી રવિન્દભાઈ નારણભાઈ રાઠોડ રહે. વ્યારા દાદરી ફળિયુ તા.વ્યારા જી.તાપીનાઓને તા.૨૨/૦૫/૨૦૨૫ના કલાક ૧૨-૪૫ વાગે નોટીસ આપી નામદાર કોર્ટમાં હાજર રહેવાની સમજ કરેલ.આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા પડતા હોય તેઓ વિરૂધ્ધ તા.૨૫/૦૫/૨૦૨૫ના રોજ ચાર્જશીટ કરી ના.કોર્ટ તરફ મોકલી આપેલ છે.આરોપીઓને જોઈને ઓળખુ છુ જેઓ આજ રોજ હાજર નથી આરોપીઓ તર્ફે હાજરી બાબતે મુક્તી રીપોર્ટ છે અને ઓળખ અંગે કોઈ તકરાર નથી.

સદર સાહેદની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મોજે વ્યારા જુના બસ સ્ટેશન વાળો વીસ્તાર ભરચક વીસ્તાર છે.એ વાત ખરી નથી કે, બનાવ સ્થળે આરોપીનું પંચો રૂબરૂ મે પંચનામું કરેલ નથી એ વાત ખરી છે કે સ્વતંત્ર સાહેદોના મે નિવેદન લીધેલ નથી એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલી છે. એ વાત ખરી છે કે, સદર કામના આરોપીનું બ્રેથ એનાલાઈઝર મશીન વડે ટેસ્ટીંગ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે આરોપી લથડીયા ખાતો હોય તે અંગેના કોઈ સીસીટીવી ફુટેજ કે વીડીઓ આ કામે રજુ રાખેલ નથી.એ વાત ખરી છે કે, સદર કામના પંચો ઘણા કેસોમાં પંચો તરીકે રહે છે.એ વાત ખરી નથી કે આરોપી વીરૂધ્ધ પુરતો પુરાવો ના હોવા છતા નામ.કોર્ટમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૧૨)** આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાભળ્યાં. વિ.એ.પી.શ્રીએ એવી દલીલો કરેલ છે કે, આરોપી રવિન્દ્રભાઈ નારણભાઈ રાઠોડ ના લોહીમાં

૦.૧૦૩૦ ગ્રામ પર્સન્ટ ઈથાઈલ આલ્કોહોલ મળી આવેલ છે જે કાયદામાં દર્શાવેલ નિયમ માત્રા કરતા વધારે છે. આરોપીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૫ ટકા કરતા વધારે કેવી રીતે આવ્યું તે સાબીત કરવાની જવાબદારી આરોપીની છે જે હકીકત આરોપી તરફે સાબીત કરી શકેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કાયદાની કલમ-૬૬(૧) બી, અફીણ સિવાયનો કોઇ પણ કેફી પદાર્થ અથવા ભાંગ, ગાંજાનું સેવન કરે, ઉપયોગ કરે કબજામાં રાખે કે હેરફેર કરે તે અંગે જણાવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટના **અવધબિહારી અમૃતલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૦(૩) જી.એલ.આર. ૨૩૭૮**ના ચુકાદા ઉપર આધાર રાખી જણાવેલ છે કે, બ્લડ ટેસ્ટ રૂલ્સ-૪ સુચનાત્મક છે આદેશાત્મ નથી. તેમ છતાં આરોપી તરફે નિયમ-૪ નો ભંગ થતો હોવાનું બતાવી શકેલ નથી. તેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે.

**(૧૩)** બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલશ્રીએ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, મેડીકલ ઓફીસરશ્રીએ આરોપીના લોહીનું સેમ્પલ લેતી વખતે ધી.ગુજરાત પ્રોહીબીશન(મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રૂલ્સ–૧૯૫૯ ના નિમય–૪ મુજબના નિયમનું પાલન કરેલ નથી. જેથી મેડીકલ ઓફીસરનો પુરાવો ગ્રાહ્ય રાખી શકાય નહી. તેથી સૌ પ્રથમ બ્લડ ટેસ્ટ રૂલ્સના નિયમ–૪ અંગે જોઇએ તો ધી.ગુજરાત પ્રોહીબીશન(મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રૂલ્સ–૧૯૫૯ ના નિમય–૪(૧) અને ૪(૨) નીચે મુજબ છે.

**લોહી એકત્ર કરવાની તથા આગળ મોકલવાની રીત.**

**(૧)** ઉપરોકત નિયમ-૩ હેઠળ કોઈ વ્યકિતને તેની સમક્ષ રજુ કર્યાથી તેનુ લોહી લેવા માટે નોંધાયેલા મેડીકલ પ્રેકર્ટીશનર સીરીઝનો ઉપયોગ કરશે. ઉપર દર્શાવેલ હેતુ માટે ઉપયોગ કરતા પહેલા સીરીઝને ઉકળતા પાણીમાં સ્ટેરીલાઈઝર કરશે. તેણે આવી વ્યકિતનાં શરીરે જે ભાગમાંથી તે લોહી ખેચવા ઈરાદો રાખતા હોય તેનાં ચામડીની સપાટી ઉપરનાં ભાગને આલ્કોહોલ

અથવા તેનો મિશ્રણ ન હોય તેવા ૧ ટકા એકવાયસ મરકયુરોક્રોમ મિશ્રણથી અથવા જેનીટર વાયોલટથી સાફ કરશે. વ્યકિતનાં શરીરમાંથી લોહી ખેચવામાં આવેલ ત્યારે કોઈપણ તબકકે આલ્કોહોલનો સ્પર્શ કરવો નહિ. તેણે વ્યક્તિનાં શરીરમાંથી સીરીઝથી ૫ સી.સી.થી ઓછુ વેનસ લોહી ખેચવું નહિ ત્યારબાદ સરીઝમાં લીધેલ લોહીને ગઠ્ઠા ન થઈ જાય અને સચવાય રહે તેવી દવા યુક્ત શીશીમા લેવુ અને ગઠ્ઠા ન થઈ જાય અને સચવાય રહે તેવી દવા લોહીમાં ભળી જાય તે માટે શીશીને ખુબ હલાવશે.

**(૨)** પેટા કલમ-(૧) માં દર્શાવેલ રીતે શીશીમાં લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે આવુ લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફતે અથવા ખાસ સંદેશ વાહક સાથે મોકલવુ જોઈએ અને તેની સાથે ફોર્મ-બી માં એક પત્રક સામેલ રાખવો જોઈએ જેના ઉપર નમુનાની લોહીની શીશી ઉપર સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકુતિ (આબેહુબ નકલ) હોવી જોઈએ.

ઉપરોકત જોગવાઈના સંદર્ભમાં હાલના કેસનો રેકર્ડ જોતા લોહી મુંબઈ પ્રોહીબિશન મેડીકલ એકઝામીશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ-૧૯૫૯ ની જોગવાઈઓ મુજબ જે વ્યક્તિનાં શરીરે જે ભાગમાંથી તે લોહી ખેચવા ઈરાદો રાખતા હોય તેનાં ચામડીની સપાટી ઉપરનાં ભાગને આલ્કોહોલ અથવા તેનું મિશ્રણ ન હોય તેવા એક ટકા એકવાયસ મરક્યુરોક્રોમ મિશ્રણથી અથવા જેનીટર વાયોલટથી સાફ કરશે. હાલનાં કેસમાં મેડીકલ ઓફીસરશ્રી ધ્વારા આરોપીનું ડાબા હાથનાં કોણીનાં ભાગેને ડીસ્ટીલ વોટરથી સાફ કરી ૫ એમ.એલ.સીરીજમાં ૫ એમ.એલ.બ્લડ લઈ સોડીયમ ફલોરાઈડ બલ્બમાં લીધેલ. આમ નોર્મલ સલાઈન વડે કલીન કર્યા બાદ બ્લડ સેમ્પલ લેવામાં આવેલ છે. આમ મેડીકલ એકઝામીશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ-૧૯૫૯ નાં નિયમ ૪(૧) મુજબનું પાલન થયેલ નથી.

**(૧૪)** સદર કામે તપાસવામાં આવેલ સાહેદોમાં હાલના કામે સ્વતંત્ર સાહેદો એવા પંચ સાહેદ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષના

કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય જેથી આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું જે હાલના કામે પુરવાર કરવુ ખુબ જ મહત્વનું બની રહે છે. તે પણ ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી. બીજા કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. પ્રાથમિક પંચનામુ રજુ થયેલ નથી. સદર કામે તપાસાયેલા પંચ સિવાયના સાહેદો પોલીસ સાહેદો છે. પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી.

**(૧૫)** સદર કામે ફરીયાદી તરફે આંક-૦૪ થી રજુ થયેલ ફરીયાદીશ્રી તથા આંક-૧૬ થી રજુ થયેલ ત.ક.શ્રીનો રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદમાં પંચોના નામઠામ વર્ણન જણાવેલ નથી. તેમજ સદર ઇસમ કોઇની સાથે જાહેરમાં બખેડો કરતો અથવા જાહેરમાં કોઇ ચેનચાળા કે બિભત્સ વર્તન કરતો અથવા આવતા જતા માણસોને હેરાન કરતો મળી આવેલ નથી. ફરીયાદમાં પંચોના નામઠામ વર્ણન જણાવેલ નથી. ત.ક.શ્રી પોતાની ઉલટતપાસમાં બનાવવાળો વિસ્તાર ભરચક વિસ્તાર હોવાનુ સ્વીકારેલ છે. કોઇ સ્વતંત્રસાહેદોના નિવેદન લીધેલ નથી. ઉપરાંત સદર કામે તપાસાયેલા બંને પંચ સાહેદો પોતાના પુરાવામાં પંચનામાની હકીકતોનો ઇન્કાર કરેલ છે. આમ, સદર કામે પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેવા સંજોગોમાં પંચનામાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેમજ પંચનામુ કરવા અંગે મહત્વનો વિરોધાભાષ ઉત્પન્ન થાય છે.

સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મેડીકલ ઓફિસરશ્રીનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો મેડીકલ ઓફિસરશ્રીએ હાલના કામના આરોપીનું લોહી લેતા પહેલા સીરીંજને ઉકળતા પાણીમાં સ્ટેરીલાઇઝડ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ સદર મેડીકલ ઓફિસરશ્રીએ આરોપીના ડાબા હાથના કાંડામાંથી લોહી લીધેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આરોપીના ડાબા હાથના કાંડાની ચામડીની સપાટી ઉપરના ભાગને આલ્કોહોલ અથવા તેનું મિશ્રણ ન હોય તેવા ૧ ટકા એક્વાયસ મરક્યુરોક્રોમ મિશ્રણથી અથવા જેનીટર વાયોલેટથી સાફ કરેલ હોય તેવી હકીકત પણ જણાય આવતી નથી. ઉપરાંત સદર કામે મેડીકલ

ઓફિસરશ્રીએ આરોપીના લોહીના પરિક્ષણ સારૂ કેટલુ લોહી ખેચેલ તે પણ સ્પષ્ટપણે જણાય આવતુ નથી. ઉલટાનું સદર મેડીકલ ઓફિસરશ્રીએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે,બનાવના દિવસે તેઓએ કેટલા લોકોનું સેમ્પલ લીધેલ તે તેમને હાલ યાદ નથી. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમની સાથે ફરજ પર મદદ માટે સ્ટાફ નર્સ, પટ્ટાવાળા વગેરે કર્મચારીઓ હોય છે. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, કામગીરી અનુરૂપ સ્ટાફને સુચનો કરીએ છીએ. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આરોપીને તેમણે સેમ્પલ લેતી વખતે પ્રથમ વખત જોયેલ અને નામઠામ પુછેલુ. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આરોપીએ તે સમયે પોતાનું નામઠામનો જવાબ સમજી શકાય તે રીતે જણાવેલ. સેમ્પલ લીધા બાદ સીસીને સીલ કરી પ્રથમ લોકરમાં મુકી, ત્યારબાદ બીજા દીવસે આર.પી.એ.ડી. દ્રારા મોકલવામાં આવે છે. એ હકીકત પણ સ્વીકારેલ છે કે, સદર આર.પી.એ.ડી. તેમણે જાતે કરેલ નથી. આમ, હાલના કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ મેડીકલ ઓફિસરશ્રીએ ગુજરાત નશાબંધી–ડોક્ટરી તપાસ અને લોહીની ચકાસણી નિયમો–૧૯૫૯ ના નિયમ–૪ નું ચુસ્તપણે પાલન કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાય આવતુ નથી.

આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષે કરવામાં આવેલ દલીલ કે આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ હોય, આરોપીને કસુરવાર ઠેરવી કાયદાની મહત્તમ સજા કરવી જોઇએ તેવી દલીલ માનવા લાયક રહેતી નથી અને આરોપી તરફેની દલીલ ધ્યાને લેતા ફરીયાદપક્ષ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય ત્યારે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંતો મુજબ શંકાનો લાભ આરોપી મેળવવા હકકદાર રહે છે.

આમ કેસની સમગ્ર હકીકત દલીલ, રેકર્ડ, દસ્તાવેજી પુરાવો, સોગંદ ઉપરનો પુરાવો, કાયદાની જોગવાઇઓ, કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો વિગેરેને લક્ષમાં લેતા, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ-૬૬(૧) બી અન્વયેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ

ગયેલ હોય, તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

**(૧)** આ કામના આરોપી રવિન્દ્રભાઈ નારણભાઈ રાઠોડ, ઉ.વ.૪૭, રહે.વ્યારા, દાદરી ફળીયું, તા.વ્યારા, જી.તાપીનાઓ સામેના પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી અન્વયેના ગુન્હાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ની જોગવાઈઓ અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમયના જામીન તથા બોન્ડ રજુ કરવનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૩, માહે, જુલાઈ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તારીખ:૨૩/૦૭/૨૦૨૬

સ્થળ: વ્યારા.

**(મનીષ દિલીપભાઈ નંદાણી)**
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ એન્ડ,
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
તાપી મુ.વ્યારા.
**(Code : GJ-00847)**